જુલાઈ ૨૦૦૯ દાદા ભગવાન પરિવારનું કિંમત રૂ. ૧૨/-

# અક્રમ એક્સપ્રેસ



## ઉપકાર મા-બાપ તણા

# અક્રમ એક્સપ્રેસ

## ઉપકાર મા-બાપ તણા

બાળમિત્રો, તમને મમ્મી આખો દિવસ કચકચ કરતી લાગે છે અને પપ્પા ગુસ્સાવાળા લાગે છે. ખરું ને ? પણ એવું દેખાય છે એ આપણી જ ભૂલ છે, આપણી સંસ્કૃતિમાં માતા-પિતાને બહુ ઊંચા સ્થાને મૂક્યા છે. એક કવિએ ગાયું છે,

**'ભૂલો ભલે બીજું બધું,**
**મા-બાપને ભૂલશો નહીં.**
**અગણિત છે ઉપકાર એના,**
**એહ વિસરશો નહીં.'**

હા, પૂજ્ય દાદાશ્રીએ પણ માતા-પિતાને મહાન ઉપકારી ગણ્યા છે. એમની સેવાનું મહત્વ અને એનાથી આવતા સુંદર પરિણામોનું આમાં વર્ણન કર્યું છે. જે વાંચીને આપણે પણ આપણા માતા-પિતાની દિલથી સેવા કરીએ.

**- ડિમ્પલ મહેતા**

## અનુક્રમણિકા


દાદાજી કહે છે................ ૧
મમ્મીની મમ્મી............... ૨
ચાલો રમીએ................. ૫
આ તો નવી જ વાત !...... ૬
આવું ક્યારેય વિચાર્યુ ?...... ૮
મીઠી યાદેં.................... ૧૧
ઐતિહાસિક ગૌરવગાથાઓ.. ૧૨
બાળકો સાથે પૂજ્યશ્રી....... ૧૪
સમર કેમ્પ.................... ૧૬
પઝલના જવાબો અને
મારી સમજણ................ ૧૭



**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલભાઈ મહેતા
વર્ષ : ૧, અંક : ૧૧
સળંગ અંક : ૧૧
**જુલાઈ ૨૦૦૯**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org

**અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.:** ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.:** ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Publisher,Editor & Printed, Published from Dimplebhai Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Print at:-**
**Amba Offset**
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...

મા-બાપનો જો ગુણ માનીએ તો મા-બાપે આપણને જન્મ આપ્યો છે, આપણને મોટાં કર્યાં છે. આ મનુષ્ય જન્મ મોક્ષને માટે લાયક છે. તો આવો એમનો ઉપકાર ભૂલાય નહીં. એ ગમે તે કહે, પણ એ ઉપકારી છે. ઉપકારી કંઈક આમ તેમ બોલે તે 'લેટ ગો' કરવું પડે. એટલે ઉપકારીનો ઉપકાર ભૂલવો ના જોઈએ. મા-બાપનો ઉપકાર જો ભૂલે, એમના સામા થઈએ, અરે! એમના તરફ ભાવ પણ બગડે તો પશ્ચાતાપ કરવા પડે.

જે મા-બાપનો દોષ જુએ, એનામાં કોઈ દા'ડો ભલીવાર જ ના આવે. વખતે પૈસાવાળો થાય, પણ એની આધ્યાત્મિક ઉન્નતિ ક્યારેય પણ ના થાય. મા-બાપનો દોષ જોવાય નહીં. એમનો ઉપકાર તો ભૂલાય જ શી રીતે ? કોઈએ ચા પાઈ હોય તો ઉપકાર ભૂલાય નહીં, તો આપણે મા-બાપનો ઉપકાર તો ભૂલાય જ શી રીતે ?

એટલે માતા-પિતાની બહુ સેવા કરવી જોઈએ. એ અવળું બોલે તો આપણે શું કરવાનું ? ઈગ્નોર કરવાનું (એના તરફ બહુ લક્ષ નહીં આપવાનું). કારણ કે મોટા છે ને ! કે તારે અવળું બોલવું જોઈએ ?

પ્રશ્નકર્તા : ના બોલવું જોઈએ. પણ બોલી જવાય તેનું શું ? મિસ્ટેક થઈ જાય તો શું ?

દાદાશ્રી : હા, તો એથી કરીને એ તારી ભૂલ છે એમાં. એમને દુઃખ તો ના થવું જોઈએ. એમને ખુશ રાખવા. એ તને ખુશ રાખવા ફરે છે કે નહીં ? તને સુખી રાખવાની ઈચ્છા ખરી કે નહીં એમને !

પ્રશ્નકર્તા : હા.

દાદાશ્રી : તો તારે પણ એમને રાજી રાખવા. રાજી રાખતાં ના આવડે ? એ રાજી રહે એવું કરજે.

પ્રશ્નકર્તા : હા, કરીશ.

મા-બાપની સેવા કરવાનો ત્યક્ષ દાખલો શું ? ત્યારે કહે છે કે આખી જિંદગી સુધી દુઃખ ના આવે, અડચણો ય ના આવે, મા-બાપની સેવાથી !







# મમ્મીની મમ્મી

શુક્રવારની રાત હતી. શિવાંગી સ્કૂલ પીકનીકમાંથી ઘરે આવી હતી. આખો દિવસ એનો ખૂબ આનંદમાં ગયો હતો. હવે એ ખરેખરી થાકી હતી. એ સૂવા જવાની તૈયારી જ કરતી હતી ત્યાં તો ફોનની ઘંટડી રણકી.

શિવાંગીએ ફોન ઊંચક્યો, "હલ્લો, શું ?....." અને શિવાંગીનું મોઢું ખુલ્લું જ રહી ગયું. ફોન હોસ્પિટલમાંથી હતો. એની મમ્મીનો જોરદાર કાર એક્સિડન્ટ થયો હતો. એમને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. એમની સ્થિતિ ખૂબ જ નાજુક હતી. ફોન મૂકીને શિવાંગી અને એના પપ્પા તરત હોસ્પિટલ જવા દોડ્યા.

શિવાંગી એની મમ્મીની હાલત જોઈને સ્તબ્ધ જ થઈ ગઈ. એમનું મોઢું સૂઝી ગયું હતું. આંખો પાસે મોટો ઘા વાગ્યો હતો અને પગમાં પણ વાગ્યું હતું. એમને ગળા નીચે અને હાથમાં ટ્યુબ લગાડાઈ હતી.

શિવાંગીને જાતજાતના વિચારો આવવા લાગ્યા. મમ્મી બચશે કે નહીં ? બચશે તો એમને આંખો ગુમાવવી પડશે ? વગેરે... એ આખી રાત

મમ્મી માટે પ્રાર્થના કરતી રહી.

બીજા દિવસે સવારે ડૉકટરે કહ્યું, ‘‘તમારા મમ્મીની હાલત સુધારા પર છે. હવે એ જોખમની બહાર છે. ચિંતા કરવા જેવું નથી. એક અઠવાડિયામાં એમને રજા આપવામાં આવશે, પણ એ બે મહિના સુધી ચાલી નહીં શકે.’’

મમ્મીની હાલત જોઈને શિવાંગીની ‘પ્રોબ્લેમ્સ’ની વ્યાખ્યા બદલાઈ ગઈ. અત્યાર સુધી એને નવો ડ્રેસ ન અપાવે, બર્થ ડે પાર્ટી ન ઉજવે, પીકનીકમાં ન જવા દે એ બધું પ્રોબ્લેમ્સ લાગતું હતું. પણ હવે એવું ન રહ્યું. મમ્મીની સામે હવે એને આ બધાનું કોઈ મહત્ત્વ લાગતું ન હતું. આજ સુધી એને મમ્મીની આટલી બધી કિંમત જણાઈ જ ન હતી.

મમ્મીનું હોસ્પિટલમાંથી સાજા થઈ ઘરે પાછું આવવું એ શિવાંગી માટે આશીર્વાદરૂપ હતું. સાથે સાથે એની જવાબદારીઓ ઘણી વધી ગઈ. પહેલા શિવાંગી આખો આખો દિવસ ફ્રેન્ડસ સાથે જ ગાળતી. પણ હવે એને મમ્મીનું ધ્યાન રાખવાનું હતું. એ મમ્મીને નવડાવતી, જમાડતી, ટોયલેટ જવામાં મદદ કરતી, મસાજ કરી આપતી, ટાઈમે દવા આપતી, મમ્મી ક્યારેક ઢીલા પડી જાય તો એમની સાથે સારી સારી વાતો કરી એમને હિંમત આપતી, સાંજે વ્હીલચેરમાં બેસાડી એમને ફરવા લઈ જતી. આમ શિવાંગી એની મમ્મીની મમ્મી બની ગઈ.

મમ્મીની સંભાળ રાખતા રાખતા શિવાંગીને મમ્મી પપ્પા માટેનો ઉપકાર વધતો ગયો. આટલા વર્ષો સુધી મમ્મીએ એની કેવી માવજત કરી હતી, કેટલું જતું કર્યુ, કેવો પ્રેમ આપ્યો હતો, જરૂર પડ્યે એની બાજુમાં ઊભા રહ્યા હતાં, એને પ્રોત્સાહન આપ્યું હતું, એ બધું દેખાવા લાગ્યું. એ મમ્મી-પપ્પા પર નાની નાની વાતમાં કેટલી ગુસ્સે થઈ જતી હતી, સામું બોલતી હતી એ પણ દેખાવા લાગ્યું. એને એ બધાનો પસ્તાવો થવા લાગ્યો.

શિવાંગીના પપ્પા આ બધું જ જોતા હતા. ઓફિસના વધુ પડતા કામના કારણે એ શિવાંગીને



મદદ કરી શકતા નહીં. પણ શિવાંગીમાં આવેલા ફેરફારને જોઈને રાજી થતા. શિવાંગી ધીમે ધીમે નમ્ર બનતી જતી હતી. એની મમ્મી ફરી નોર્મલ અને સ્વતંત્ર રીતે જીવતા થઈ જાય એ માટે એ એમને પ્રોત્સાહન આપતી અને મદદ કરતી. આ સમય દરમ્યાન એનો એના મમ્મી સાથેનો સંબંધ જાણે મિત્રતામાં બદલાઈ ગયો. એની મમ્મીની કંપની એને ગમવા લાગી. ફ્રેન્ડસ તો જાણે ભૂલાઈ જ ગઈ.

એક રાત્રે શિવાંગી એનું લેશન કરતી હતી ત્યારે એના પપ્પા એની પાસે આવીને બેઠા. શિવાંગીના માથે હાથ મૂકી તેઓ બોલ્યા, ''મને તારા પર ગર્વ છે, બેટા. તું અમારી દીકરી નહીં પણ દીકરો પૂરવાર થઈ છે.'' શિવાંગી બોલી, ''પપ્પા, તમે બન્નેએ મારી માટે અત્યાર સુધી જે કર્યું છે તેની સામે તો આ કંઈ જ નથી. આજે મને માતા-પિતાનો ઉપકાર સમજાયો છે. એ ભૂલાય એવો જ નથી. મમ્મીની સેવા કરવામાં મને ખૂબ આનંદ આવે છે. તમે એમની જરાય ચિંતા ન કરશો.''

શિવાંગીના પપ્પા ભરાયેલા હૃદય સાથે એમના રૂમમાં ચાલ્યા ગયા.

થોડા સમય પછી શિવાંગીની મમ્મી સારા થઈ ગયા. હવે તેઓ જાતે ચાલતાં થઈ ગયા. તેઓએ પણ દીકરીની સેવાથી ખૂબ ખુશ થઈ અંતરના આશીર્વાદ આપ્યા કે બેટા, તું જ્યાં જાય, ત્યાં કાયમ સુખી રહે અને બીજાને સુખી રાખે.






# ચાલો રમીએ...

## ૧

આમાંથી કોઈ પણ બે સરખી રીંગ શોધી કાઢો.




## ૨

નીચે આપેલ ૬૪ ખાનામાં એક એવો રસ્તો દોરો કે જે લાલ દરવાજાથી શરૂ થઈને, લીલા દરવાજામાંથી પસાર થઈને બ્લુ દરવાજામાંથી બહાર નીકળે.

સૂચના:

(૧) રસ્તો દરેક ખાનામાંથી પસાર થતો હોવો જોઈએ.


(૨) રસ્તો ઊભો અથવા તો આડો હોવો જોઈએ. ત્રાંસો રસ્તો ના હોવો જોઈએ.






## ૩

નીચે આપેલ ચિત્રમાં એક સ્ટાર (તારો) છૂપાયેલો છે તે શોધી કાઢો.



## ૪

પહેલા ચિત્રમાં બતાવ્યા મુજબ ૬ સિક્કાને બે આડી લાઈનમાં ગોઠવો. હવે આ સિક્કાને બીજા ચિત્રમાં બતાવ્યા મુજબ ગોઠવો. ગોઠવતી વખતે શરત એ છે કે કોઈ પણ ત્રણ સિક્કાને ત્રણ જ વખત એવી રીતે હલાવવા કે હલાવલો સિક્કો બીજા બે સિક્કાને અડેલો રહે.




# આ તો નવી જ વાત!



આ દુનિયામાં ત્રણનો મહાન ઉપકાર છે. એ ઉપકાર છોડવાનો જ નથી. માતા, પિતા અને ગુરુનો ! આપણને જેમણે રસ્તો ચઢાવ્યા હોય, તે આ ત્રણનો ઉપકાર ભૂલાય એવો નથી.



જે ઘરમાં
મા-બાપની સેવા
થાય ત્યાં
ભગવાનનો
વાસ (હાજરી)
હોય છે.



મા-બાપ જ્યારે માંદા હોય ત્યારે
એમની દિલથી સેવા કરીએ એ સાચી સેવા
ગણાય. પછી એ ૧૦ વર્ષ કરવી પડે તો
પણ ભાવ બગાડ્યા વગર કરવાની.








મા-બાપની સેવા
એ ત્યક્ષ-રોકડું છે.
ભગવાન દેખાતા નથી,
આ તો દેખાય છે.
ભગવાન ક્યાં
દેખાય છે ?
અને આ મા-બાપ
તો દેખાય છે.

# આવું ક્યારેય વિચાર્યું?

ઉર્વીને પોતાના મમ્મી-પપ્પા સાથે પાર્ટીમાં જવાનું છે.
પણ ઉર્વી તો તેમનાથી નારાજ થઈને બેસી ગઈ છે.
ચાલો જોઈએ ઉર્વી કેમ નારાજ થઈ છે.




એવું નથી. તુ જન્મી ત્યારથી મમ્મી-પપ્પાએ બધી જ રીતે તારી સંભાળ રાખી છે.
મને માનવામાં જ નથી આવતું.
દાદાજી એમના કબાટમાંથી એક આલ્બમ લઈ આવે છે.
ઊર્વી, બેસ. હું તને તારા નાનપણના ફોટા બતાવું. જો, મમ્મી તને હાથ પકડીને ચાલતા શીખવાડે છે. તું પડી ન જાય એનું કેટલું ધ્યાન રાખે છે!
પછી આમાં તને જમાડે છે, નવડાવે છે.
પપ્પા તને ફરવા લઈ જાય છે, પરીક્ષા વખતે તને ભણાવે છે.
ઊર્વીએ આખું આલ્બમ જોઈ કાઢ્યું. ફોટા જોઈ ઊર્વી ઢીલી પડી ગઈ.



ગઈ કાલે તુ સ્કૂલેથી ભૂખી આવી હતી ત્યારે બાજુવાળા આન્ટીએ તને નાસ્તો આપ્યો હતો. તને એમનો ઉપકાર લાગે ?
હા, લાગે જ ને ? મેં એમને 'થેન્ક યુ' પણ કહ્યું હતું.
એકવાર જેણે તારુ ધ્યાન રાખ્યું એનો તને આટલો ઉપકાર લાગે તો મમ્મી-પપ્પાએ અત્યાર સુધી તારા માટે કેટલું બધું કર્યું છે? તો એનો કેટલો બધો ઉપકાર કહેવાય !
ઊર્વી વિચારમાં પડી ગઈ.
તે જોયું? તે પાર્ટીમાં જવાની ના પાડી તો તેઓ પણ પાર્ટીમાં ન ગયા. તું નારાજ હોય તો એમને મજા કરવી ગમતી હશે?
જેઓ કાયમ આપણે રાજી હોઈએ એમાં ખુશ હોય એમને આપણે દુઃખ કેવી રીતે આપી શકીએ ? ઊલટું આપણે તો એમને ગમે એ રીતે રહેવું જોઈએ.
દાદાજી, તમારી વાત સાચી છે. મારી ભૂલ થઈ ગઈ.
ઊર્વી તરત ઊઠીને તૈયાર થઈ ગઈ.
બાય.
મમ્મી-પપ્પા, હું તૈયાર છું. ચાલો આપણે પાર્ટીમાં જઈએ. બાય દાદાજી.

નીરુમા પાંચ ભાઈ પછી એક બહેન હતા. ઉપરથી ભણેલા, પૈસાવાળા અને હોશિયાર, એટલે અહંકાર બહુ જ વધારે. એમના મમ્મી એમને કૃષ્ણ ભગવાનની હવેલીએ આવવાનું કહે તો નીરુમા કહે કે પડદા બંધ હોય તો મારે નથી આવવું. ભગવાનને ટાઈમ ન હોય તો મારે ય ટાઈમ નથી, એમ કરીને નહોતા જતા. ફક્ત એક દિવાળીના દિવસે જ જાય અને એ પણ શરત કરીને કે પડદા બંધ હશે તો હું નહીં

# મીઠી યાદેં

ઊભી રહું. એમના મમ્મી એમને ખાસ કહે કે તું થોડું રસોઈનું કર. તો નીરુમા તરત જ જવાબ આપતા કે રસોઈ તે શું મોટી વાત છે? હું આટલા મોટા મેડિકલના ચોપડા વાંચી નાખું છું, તો રસોઈ તો આમ અઠવાડિયામાં શીખી જઈશ. અત્યારે એમાં કોણ ટાઈમ બગાડે? એમના મમ્મીને ચિંતા રહ્યા કરે કે આ છોકરી કાંઈ કામ કરતી નથી અને આને પરણાવવાની છે. આ છોકરીનું શું થશે ? આમ એમના મમ્મીને દુઃખ રહ્યાં કરે કે આ છોકરી સાસરેથી પાછી આવશે. પણ નીરુમા તો એમની મસ્તીમાં જ હતા કે હું આ બધામાં ટાઈમ નહીં કાઢું.

દાદાને મળતાં પહેલાનાં બે વર્ષ પહેલાની વાત છે. એમના મમ્મી ડાયાબીટીસના કારણે માંદા રહેતા હતા. તેઓ ગુજરી ગયા એના છ મહિના પહેલા નીરુમાને અંદરથી જ ભાવ થયો કે હું એમની સેવા કરું. એમણે ખૂબ સેવા કરી. આખો દિવસ એમની સાથે જ રહે. ટોયલેટ-પાણી, નાહવા - ધોવાનું, જમવાનું આ બધું જ ધ્યાન રાખતા. રામાયણ - મહાભારત વાંચીને સંભળાવે. છ મહિના દિવસ-રાત સેવા કરી. છેલ્લે એમના મમ્મી એમની સેવાથી બહુ જ ખુશ થયા. જે આખી જીંદગી 'આ દીકરીનું શું થશે ?' એવું વિચારતા હતા એ આશીર્વાદ આપતાં કહે, ' હાશ, હવે મને શાંતિ થઈ. મને હતું કે દીકરી હોવા છતાં મારે વહુની સેવા લેવી પડશે. પણ તે મારી ખૂબ સેવા કરીને મારી આંતરડી ઠારી છે. મને ખૂબ સંતોષ થયો છે.'

નીરુમા કાયમ કહેતા કે મારી મમ્મીની સેવા, એમના આશીર્વાદ અને એમની આંતરડી ઠારી એના કારણે મને દાદા ભગવાન જેવા મહાન જ્ઞાની મળ્યા, જ્ઞાનીની સેવા મળી અને જ્ઞાની સાથે નિરંતર ૨૦ વર્ષ સુધી રહેવા મળ્યું. દાદા તે વખતે ૬૦ વર્ષના. તેથી નીરુમાને થયું કે દાદાની ઊંમર થઈ છે. હું જો દાદાની સેવા કરીશ તો દાદા આખા જગતને વધારે જ્ઞાન આપી શકશે. આ જ્ઞાન જગતને પહોંચવું જ જોઈએ. આમ નીરુમા દાદાની સેવામાં જોડાયા.

જોયું મિત્રો, એક મા-બાપને તમે રાજી રાખો તો અબજો રૂપિયાના દાન કરતાં પણ વધારે પુણ્ય બંધાય છે અને એનું ફળ અદ્ભૂત મળે છે.



# ઐતિહાસિક ગૌરવગાથાઓ

ગયા મહિનામાં આપણે જોયું કે બાહુબલી યુદ્ધ જીતવાની તૈયારીમાં જ હતા ને એમને વૈરાગ્ય આવે છે અને જે મુટ્ઠી ભરત રાજાને મારવા ઊગામી હતી એ જ મુટ્ઠીથી પોતાના વાળ ખેંચી, દીક્ષા લઈ જંગલમાં સાધના કરવા ચાલ્યા જાય છે. હવે જોઈએ, આગળ શું બને છે..

દીક્ષા લીધા પછી તેઓ પણ ઋષભદેવ ભગવાન સાથે રહી સાધના કરવાનું વિચારે છે. ત્યાં જ એમને એમના ૯૮ ભાઈઓ યાદ આવે છે. પિતા જોડે એમના ૯૮ નાના ભાઈઓએ પણ દીક્ષા લીધી હતી. હવે દીક્ષામાં કેવું હોય કે જેમણે પહેલા દીક્ષા લીધી હોય તેઓ ભલે ઉંમરમાં નાના હોય છતાં દીક્ષાના માર્ગમાં મોટા કહેવાય. આ યાદ આવતા એમને થયું કે જો હું એમની પાસે જઈશ તો મારે રોજ મારા નાના ભાઈઓને પગે લાગવું પડશે, મોટા હોવા છતાં મારે એમના શિષ્ય તરીકે રહેવું પડશે. આ મારાથી નહીં થાય. હું મારી રીતે સાધના કરી મોક્ષ મેળવી લઈશ. આમ એમને અહંકાર નડે છે. મહીં માન ઊભું થાય છે અને તેથી તેઓ પોતાની રીતે જ કેવળજ્ઞાન પામવા પ્રયત્ન કરવાનું નક્કી કરે છે અને જંગલમાં સાધના માટે જાય છે.

એક માત્ર મોક્ષ જ મેળવવાની ઈચ્છા સાથે બાહુબલી એક આસન પર ઊભા રહી ખૂબ કપરા તપ કરે છે. એમને ટાઢ, તડકો, ભૂખ, તરસ, વેદના, મચ્છર, જીવ-જંતુના ઉપદ્રવ આ કશાયની પડી નથી. વર્ષો વીતતા જાય છે. અડગ ઊભેલા બાહુબલીના પગ ઉપર આજુબાજુ ઊગેલા વેલા ચઢવા લાગ્યા. ધીમે ધીમે એમના મોઢા સિવાયના આખા શરીર પર વેલા ચઢી ગયા, સાપે રાફડા બાંધ્યા, પણ તોય બાહુબલીજી અડગ જ રહે છે. હજારો વર્ષોના આવાં આકરા તપ પછી પણ એમને કેવળજ્ઞાન થતું નથી. આ બાજુ ઋષભદેવ ભગવાન તો કેવળજ્ઞાની હતાં. એમને તો કેવળજ્ઞાનમાં બધું




જ દેખાય. એમણે જોયું કે બાહુબલી પોતાના માન અને અહંકારને લઈને જ કેવળજ્ઞાનમાં અટક્યા છે. ભગવાન તો ખૂબ કરુણાવાળા હોય. એમણે બાહુબલીના કલ્યાણ માટે ખટપટ કરી. તેઓએ એમની શિષ્યા બ્રાહ્મી અને સુંદરી, જે બાહુબલીની બહેનો હતી એમને બોલાવી અને એમના દ્વારા બાહુબલી માટે એક સંદેશો મોકલાવ્યો.

બ્રાહ્મી અને સુંદરી બન્ને જંગલમાં પહોંચે છે. બાહુબલી એ જ અડગ અને સ્થિર મુદ્રામાં તપ કરી રહ્યાં હોય છે. બન્ને બહેનો ભાઈને કહે છે, ''ગજ થકી હેઠાં ઊતરો રે વીરાં, ગજ ચડે કેવળ ન હોય.''

ધ્યાનમાં ઊભેલા બાહુબલી પોતાની બહેનોની આ વાત સાંભળી નવાઈ પામે છે. એમને થાય છે કે આ બહેનો શું કહે છે? હું ક્યાં હાથી પર બેઠો છું ? હું તો મુનિ અવસ્થામાં છું અને તપ કરી રહ્યો છું. પણ બહેનો એમ ને એમ કંઈ કહે નહીં. જરૂર એમના કહેવામાં કંઈક રહસ્ય છુપાયેલું છે. વિચાર કરતાં થોડી જ ક્ષણોમાં એમને સમજાય છે કે બહેનોની વાત સાચી છે. હું માનરૂપી ગજ એટલે કે હાથી પર બેઠો છું. ભાઈઓને નહીં નમું એ માન જ કહેવાય ને? જાતે મોક્ષ ખોળી લઈશ એ અહંકાર જ કહેવાય ને? માન સાથે ક્યારેય પણ મોક્ષ ન થાય. એમને પોતાની ભૂલ સમજાય છે અને ખૂબ પશ્ચાતાપ થાય છે. તેઓ તરત જ ઋષભદેવ ભગવાન પાસે જવાનું અને પોતાના નાના ભાઈઓને વંદન કરવાનું નક્કી કરે છે. નક્કી કરી જેવું તેઓ પગ ઉપાડે છે કે ત્યાં જ એમને કેવળજ્ઞાન થાય છે.

## માટે મિત્રો,

- આપણાથી ગમે તેટલા નાના હોય પણ જો આપણાથી કોઈપણ ક્ષેત્રમાં એક ડગલું ય આગળ હોય તેનો વિનય-વિવેક ચૂકાય નહીં.
- માન-અહંકાર મોક્ષે જવા ન દે.



# બાળકો સાથે પૂજ્યશ્રી

પ્રશ્નકર્તાઃ મારા મમ્મી-પપ્પા મારી સાથે ભેદભાવ રાખે છે. મારા ભાઈને જ સાચવે છે. તો હું શું કરું ?

પૂજ્યશ્રીઃ હા, પણ તને સાચવી તો ખરી ને ? આવડી મોટી તો થઈ તું. તને સાચવ્યા વગર મોટી થઈ ગઈ હોઈશ તું ? તારો ભાઈ નાનો છે કે મોટો?

પ્રશ્નકર્તાઃ નાનો.

પૂજ્યશ્રીઃ કેટલા વર્ષનો છે ?

પ્રશ્નકર્તાઃ નવ.

પૂજ્યશ્રીઃ અને તું કેટલા વર્ષની ?

પ્રશ્નકર્તાઃ બાર.

પૂજ્યશ્રીઃ બાર. તે પહેલા ત્રણ વર્ષ સુધી તો તને જ મમ્મી-પપ્પાએ સાચવી ને ? પછી ભાઈ આવ્યો. તે તારી માવજત નહીં કરી હોય ? તું રડા-રડ કરતી હશે તો તને દૂધ પીવડાવ્યું હશે, કપડાં મહીં ભીના થયા હશે તો બદલી કર્યા હશે, નવડાવી-ધોવડાવી હશે. ત્રણ વર્ષ તો મમ્મી-પપ્પાએ ધ્યાન નહોતુ રાખ્યું ? તો પછી આપણે કેમ એવું કહેવાય કે મમ્મી-પપ્પાએ ધ્યાન નથી રાખ્યું તને ખાવાનું નથી આપતા મમ્મી-પપ્પા? એકલા ભાઈને જ ખવડાવે છે અને તને ભૂખી રાખે છે ?

પ્રશ્નકર્તાઃ ના, આપે છે.

પૂજ્યશ્રીઃ તને ભણવા મોકલે છે ને ?

પ્રશ્નકર્તાઃ હા.

પૂજ્યશ્રીઃ કયા ધોરણમાં આવી તું ?

પ્રશ્નકર્તાઃ આઠમા.



પૂજ્યશ્રીઃ તે આઠ ધોરણ સુધી ફી આપીને પપ્પાએ ?

પ્રશ્નકર્તાઃ હા.

પૂજ્યશ્રીઃ ભાઈને આપે છે ને તને નથી આપતા એવું કરે છે ?

પ્રશ્નકર્તાઃ ના.

પૂજ્યશ્રીઃ તને નોકરી કરવા મોકલાવે છે ?

પ્રશ્નકર્તાઃ ના.

પૂજ્યશ્રીઃ તને વાસણ માંજવા બેસાડે છે ઘરમાં ?

પ્રશ્નકર્તાઃ ના.

પૂજ્યશ્રીઃ કપડાં ધોવા બેસાડે છે ?

પ્રશ્નકર્તાઃ ના.

પૂજ્યશ્રીઃ ઈસ્ત્રી કરવા બેસાડે છે ?

પ્રશ્નકર્તાઃ ના.

પૂજ્યશ્રીઃ તો શેને માટે પાર્શીયાલીટી (ભેદભાવ) માને છે ? અત્યારથી આવું મમ્મી-પપ્પાનું ભેદ કર્યા કરીશું તો મોટા થઈને શું શીખીશું આપણે ? આપણે નક્કી કરવાનું કે મમ્મી-પપ્પાને જ્યારે જેનું ધ્યાન રાખવાની જરૂરિયાત લાગશે એનું ધ્યાન રાખશે. કોઈક વખત ભાઈને જરૂર હોય તો ભાઈનું ધ્યાન રાખે. તને પગમાં વાગ્યું હોય તો મમ્મી-પપ્પા તારું ધ્યાન નથી રાખતા?

પ્રશ્નકર્તાઃ રાખે છે.

પૂજ્યશ્રીઃ તો પછી આપણાથી કેમ કહેવાય કે મમ્મી-પપ્પા એકલા ભઈનું જ ધ્યાન રાખે છે. આ તો આપણી અપેક્ષા એટલી મોટી છે કે બધું ધ્યાન રાખ્યા પછી, ભાઈના ભાગનું પણ મને આપ એવું કરીએ છીએ. એટલે આપણે એવું રાખવું જોઈએ કે મમ્મી-પપ્પા, તમે ભાઈનું ધ્યાન રાખજો. હું હવે મોટી થઈ ગઈ છું, હું મારું ધ્યાન મારી જાતે રાખીશ. મેં મારા મમ્મી-પપ્પાને કોઈ દા'ડો બૂમ નથી પાડી કે તમે મારું ઓછું કરો છો અને આનું વધારે કરો છો. હું મારી મેળે બધું કરી લેતો'તો, નાનો હતો ત્યારથી. એમને કોઈ દા'ડો બોજો થવા જ નથી દીધો કે આનું ધ્યાન રાખવું પડશે મારે. અત્યારે તું આવું બોલે એટલે મમ્મી-પપ્પાને કેટલો બધો બોજો થઈ જાય કે આનું અમારે ધ્યાન રાખવું પડશે. પછી તેઓ ભાઈનું ધ્યાન રાખતા હોય એમાં કાપ મૂકી તારું ધ્યાન વધારે રાખે એવું કરે. માટે હવેથી ધ્યાન રાખજે.





# સામર કેમ્પ - ૨૦૦૯

## (સુરત, ભૂજ અને સીમંધરસીટી)

આનંદથી ભરપૂર કીડ્સ કેમ્પ ઘણા જ સફળ રહ્યા. દરેક કેમ્પમાં બાળકો કૂદકે ને ભૂસકે વધી રહ્યાં હતા. ભૂજ, સુરત, વડોદરા, રાજકોટ, મુંબઈ, જામનગર અને સીમંધર સીટીમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. નાના ગ્રુપમાં દીદીઓ સાથે બાળકો ખુલ્લા મને વાતચીત કરતા હતા. બાળકોએ કેમ્પની દરેક પ્રવૃત્તિઓમાં આનંદ માણ્યો. વાર્તા, સત્સંગ, ક્રાફ્ટ, ડ્રોઈંગ, પપેટ શો, ઓડિયો વિઝ્યુઅલ શો, ભક્તિ, આરતી અને રમત ગમત - આ બધામાં તેઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શિબિરમાં મન-વચન-કાયાથી કોઈને દુઃખ ન દેવું, ત્રિમંત્રનો અર્થ, ભય, ચોરી, બીજાને મદદ કરવી, મશ્કરી વગેરે વિષયો પર જુદા જુદા માધ્યમો દ્વારા સમજણો અપાઈ હતી, જે સૌથી વધુ અસરકારક નીવડી. બાળકોએ પોતાના અનુભવોને દીદી પાસે પ્રમાણિકપણે ખુલ્લા કર્યા અને એમની પાસેથી દાદાએ આપેલી સમજણો મેળવી.

એક મિનિટની રમતમાં ભાગ લેવાનું બધાને ઘણું ગમ્યું. એક મિનિટની રમતમાં વધુમાં વધુ કેટલા બિસ્કિટ ખવાયા, કેટલા ફુગ્ગા ફુલાવ્યા, એક કાગળના ટુકડામાં વધુમાં વધુ કેટલા વર્તુળો દોર્યા વગેરેમાં ભાગ લેતા તેમના મિત્રોને ચિચિયારીઓથી પ્રોત્સાહિત કરવામાં મજા આવી. છેલ્લી સેશનમાં ક્વીઝરમાડી જેમાં બધાં બાળકોને ખૂબ આનંદ આવ્યો. જુદી જુદી રમતોમાં જીતનારને ઈનામો આપવામાં આવ્યા હતા.

દરેક સેન્ટરે ડ્રોઈંગ માટે જુદા જુદા વિષયો પસંદ કર્યા હતા જેવા કે તેમને કહેવામાં આવેલી વાર્તાઓમાંથી પરિસ્થિતિ પ્રમાણે ચિત્ર દોરવું, બીજાને મદદ રૂપ થવું, ઉત્સવો-તહેવારો, દાદાના જીવનના પ્રસંગો, બીજાને મન-વચન-કાયાથી કેવી રીતે દુઃખ પહોંચાડીએ છીએ વગેરે. તેમના ચિત્રોમાં તેમની કલ્પના શક્તિ સારી રીતે પ્રદર્શિત થતી હતી. બધામાંથી સારામાં સારું ચિત્ર પસંદ કરવું અઘરું લાગતું હતું.

સુરતના બાળકો ગાવાના અને ગરબાના શોખીન જણાયા. ઘણાને દરરોજ સવારે પ્રાર્થનાનું ગીત સેશન શરૂ થતી વખતે ગાવું ગમતું.

ઘણા ઉત્સાહી બાળકોએ સુરતમાં છેલ્લે દિવસે પેરેન્ટસની મીટીંગમાં આગળ આવીને કેમ્પમાં હાજરી આપીને એમને જે સંતોષ મળ્યો છે તે કહેવાની તક ઝડપી લીધી અને કેમ્પમાં તેમને શું ગમ્યું એ ત્રણ લીટીમાં જણાવ્યું.

છેલ્લે બાળકોની દીદી સાથે ફોટો સેશન કરી, જે બાળકોની વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે. આમ હસતાં રમતાં કીડ્સ કેમ્પોની પૂર્ણાહૂતિ થઈ.








# પઝલના જવાબો


1


૧ અને ૨



2

3






4



# મારી સમજણ



મમ્મી તમને સાંજે શોપીંગ પર લઈ જવાના હતા. તમે સ્કૂલેથી આવ્યા છો ત્યારથી એમની રાહ જુઓ છો. મમ્મીને ઘરે આવતા મોડું થઈ ગયું. ઘરે આવતાં જ મમ્મી તમારા પર ગુસ્સે થઈ જાય છે.

મમ્મીઃ અરે ! આજે તો ઘરે આવતા બહુ મોડું થઈ ગયું અને આ તારી વસ્તુઓ કેમ વેરવિખેર પડી છે? તું ક્યારેય ઘર ચોખ્ખું રાખતી નથી.

હવે તમે મમ્મીને શું જવાબ આપશો ? ૧૦ વાક્યોમાં તમારો જવાબ લખો.

Akram Express
July 2009
Year : 1, Issue : 11
Conti. Issue No.: 11

BALVIGNAN
Fun 'n' Gyan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# મારી વાત અનુભવ

હું એકવાર ગાર્ડનમાં જવા રિસાયેલો. મમ્મી-પપ્પાને ટી.વી.માં દીપકભાઈનો 'જ્ઞાન પ્રકાશ' પ્રોગ્રામ જોવો હતો. એમણે કહ્યું,' દીપકભાઈનો પ્રોગ્રામ છોડીને ગાર્ડનમાં જવાય ? એ જોયા પછી જઈશું.' મેં કહ્યું,' ના, હમણાં જ જવું છે.' એવી જીદ કરી. મમ્મીએ કહ્યું,' પછી તને આઈસક્રીમ પણ ખવડાવીશું, હમણા શાંતિથી બેસ.' પણ મેં જીદ કરી અને રિસાઈને કહ્યું,' નથી જવું. જવું હોય તો હમણાં જ, નહીં તો પછી નહીં.' એમ કરી હું તો રિસાઈ ગયો. મમ્મી પપ્પાએ દીપકભાઈને સાંભળ્યા પછી પૂરું થયું એટલે કહે,' ચાલ, જલ્દી ગાર્ડનમાં જઈએ.' મેં કહ્યું,' ના.' તેઓ મને વારંવાર મનાવવા લાગ્યા. હું ના પાડતો રહ્યો. એમ કરી પંદર-વીસ મિનિટ બગાડ્યા પછી હું ઉભો થયો અને કહ્યું,' ચાલો.' ગાર્ડન ઘરની નજીક હતું. પણ દસ વાગ્યે બંધ થવાનો ટાઈમ હતો. તો પણ અમે ગયા તો ખરા. પણ ત્યાં ગયા અને પાંચ-દસ મિનિટમાં જ બંધ થઈ ગયું. આમ ગાર્ડનમાં રમવાની કુલ પચ્ચીસથી ત્રીસ મિનિટ મને મળત પણ મેં રિસાઈને એ સમય બગાડી નાખ્યો હતો. તેનો મને પસ્તાવો પણ થયેલો. પછી મમ્મીએ મને પૂછ્યું,' રિસાયો તો શું મળ્યું ? સમય બગાડ્યો, ઘરનું વાતાવરણ બગાડ્યું, તને કશો ફાયદો થયો ?' મેં હસીને 'હા' કહી પણ મનમાં તો થયું કે ના, કશો ફાયદો થતો જ નથી. માટે કોઈએ ક્યારેય રિસાવું જોઈએ જ નહીં

નામ: પાર્થ ,આણંદ
ઉંમર: ૧૨ વર્ષ



# હા..હા..હી..હી..

રમેશ કીડા, મકોડાં તેમજ પશુપંખીની દુકાને ગયો.

રમેશ: તમે માંકડ તથા ઉંદરડા રાખો છો?

દુકાનદાર: હા, કેટલા આપું?

રમેશ: સો માંકડ અને પચાસ ઉંદરડા

દુકાનદાર: સો માંકડ ! પચાસ ઉંદરડા! આટલા બધાને શું કરવું છે?

રમેશ: ઘર ખાલી કરવાનું છે, અને જેવું હતું તેવું જ પાછું દેવાનું છે.

# ગયા અંકની કલમ મારી સમજણનો પ્રતિભાવ

**કોઈની મશ્કરી કરવામાં નીચે પ્રમાણેના જોખમો છે.**

૧. આપણે જેની મશ્કરી કરીએ તેના જેવું આપણે કોઈ જન્મમાં થવું પડે.
૨. આપણાથી કોઈની મશ્કરી ના કરાય કારણકે એ એની અંદર બેઠેલા ભગવાનની મશ્કરી કર્યા બરાબર ગણાય.
૩. આપણે કોઈને મારીએ ને જે જોખમ આવે તેનાં કરતાં મશ્કરી કરવામાં અનેકગણું જોખમ છે.

નામ : ભક્તિ ચેતનભાઈ પારેખ
ઉંમર : ૭ વર્ષ, વડોદરા.

visit us at : kids.dadabhagwan.org

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.